પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/કવા–૦૪/૧૮–૧૯/2323-6 તા. 27-3-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

પરસોત્તમભાઈ ખીમાભાઈ સાવલિયા,

તાલુકા-જિલ્લા જુનાગઢ

વાયા બગડુ-- પોસ્ટ- જામકા

પીનકોડ - 36 22 63

મો: ૯૯ ૧૩ ૫૭ ૫૮ ૨૨

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯–૦૧–૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૯/કવા–૦૪/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ 1 A

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,બીલખા

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૨૯/કવા–૦૪/૧૮–૧૯/ ૨૩૪૪-૬ તા. ૨૭-૩-૧૯.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૯/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: **પરસોત્તમભાઈ ખીમાભાઈ સાવલિયા** **ગામ: જામકા**

રજૂઆત કરનાર:**અરજદાર પરસોત્તમભાઈ ખીમાભાઈ સાવલિયા તથા અશ્વિનભાઈ પરસોતમભાઈ સાવલીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

રજૂઆત કરનાર: બી.ડી.પરમાર – નાયબ ઈજનેર (ટેક) – ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ હાજર રહેલ છે.

## :: ફોરમ ::

**૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,**

**૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી**

**૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા**

**સુનાવણી સ્થળ:** **પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ**

**તારીખ:** **૧૯/૦૩/૨૦૧૯**

**૧૦ સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. અનીવાર્ય સંજોગોના હિસાબે મીટીંગ ને મુલ્તવી કરવી પડેલ હતી. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદારની અરજી** ના નોંધણી નંબર :૨૯/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ જુનાગઢ તાલુકાના જામકા ગામ ના સર્વે નંબર: ૨૦ માં **પરસોત્તમભાઈ ખીમાભાઈ સાવલિયા** ની સંયુકત માલીકી ની જમીન આવેલ છે. જેમા વર્ષ–૨૦૧૨ મા પેટા વીભાગીય કચેરી,બીલખા મા મંજુર કરાયેલ – જે અન્વયે તા.૦૧–૦૮–૧૨ ના રોજ ભાવપત્રક ની રકમ રૂ.૫,૯૩૫/– ની રકમ ભરપાઈ કરેલ હોવા છતા – સદર ખેતીવાડી વીજજોડાણ મળવા અંગે ની કાર્યવાહી કરાયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** જુનાગઢ તાલુકાનાં જામકા ગામના અરજદાર શ્રી પરશોતમભાઈ ખીમભાઇ સાવલિયા એ તેમની ખેતીવાડી જમીન માં ખેત વિષયક વીજ જોડાણ આપવા બાબતની રજૂઆત કરેલ છે તે બાબતનો મુદ્દાસર પ્રત્યુતર નીચે મુજબ છે.

૩.૧ **જુનાગઢ** તાલુકા ના જામકા ગામના ખેડૂત શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા દ્વારા તારીખ ૨૨.૦૯.૨૦૦૬ ના રોજ રૂ ૨૦૦/- રજીસ્ટ્રેશન ના ભરી અને ૦૫ હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ તેમના સર્વે નંબર ૨૦ માં

લેવા માટે ની અરજી બિલખા પેટાવિભાગ કચેરી માં કરેલ હતી અને સદર વીજ જોડાણ ને અગ્રતા ક્રમ નંબર ૭૩/૨૦૦૬ થી બિલખા પેટા વિભાગ કચેરી માં નોંધ કરવામાં આવેલ હતી.

૩.૨ સદર ખેતીવાડી વીજ કનેકશન વર્ષ ૨૦૧૨ માં તેમના અગ્રતા ક્રમ ના આધારે મંજૂર થતાં બિલખા પેટા વિભાગ કચેરી તરફથી સદર ખેતીવાડી વીજ કનેક્સન નું સર્વે કામ હાથ ધરવામાં આવેલ હતું જે સર્વે મુજબ ૪૨૦ મીટર ની ૧૧ કેવી લાઇન અને એક ૧૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર ઊભું કરવા માટેનું લાઇન કામ કરવાનું થતું હતું.

3.3 ઉપરોક્ત સર્વે મુજબ અરજદાર શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા ને બિલખા પેટા વિભાગ કચેરી તરફ થી ભાવપત્રક નંબર ૧૭૯૨, તારીખ ૨૭.૦૭.૨૦૧૨ દ્વારા રૂ. ૫૯૩૫/- નું ભાવપત્રક આપવામાં આવેલું હતું અને આ ભાવપત્રક અરજદાર શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા દ્વારા રસીદ નંબર ૯૦૩૩૪૧, ૯૦૩૩૪૨, અને ૯૦૩૩૪૩ થી તારીખ ૦૧.૦૮.૨૦૧૨ ના રોજ ભરપાઈ કરવામાં આવેલું હતું અને તારીખ ૦૧.૦૮.૨૦૧૨ ના રોજ જરૂરી એગ્રીમેન્ટ કરવામાં આવેલું હતું.

૩.૪ ત્યારબાદ વીજ કનેક્શન માટે જરૂરી લાઇન કામ કરવા માટે કોન્ટ્રાકટર શ્રી ના માણસો જવાના હતા તેવામાં શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા દ્વારા તેમના ખેતીવાડી વીજ કનેક્શન માટેનું લાઇન કામ તેમના શેઢા પાડોશી શ્રી દિલીપભાઇ વાલજીભાઇ ના ખેતરમાં મગફળીનો પાક ઊભો હોય એક મહિના મોડુ શરૂ કરવા માટેની અરજી બિલખા પેટા વિભાગ કચેરીમાં કરવામાં આવેલ હતી. જેથી સદર વીજ કનેક્શન નું લાઇન કામ શરૂ કરવામાં આવેલ ન હતું.

૩.૫ તારીખ ૦૧.૦૯.૨૦૧૨ ના રોજ અરજદાર શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા એ બિલખા પેટા વિભાગ કચેરી એ તેમના ખેતીવાડી વીજ કનેક્શન નો લાઇન કામ માટેનો રૂટ ફેરવવા માટેની અરજી કરવામાં આવતા આ અરજી ના આધારે બિલખા પેટા વિભાગ કચેરી દ્વારા સ્થળ ઉપર રી-સર્વે કરવામાં આવતા આજ સર્વે નંબર એટલેકે સર્વે નંબર ૨૦ પૈકી માં શ્રી વ્રજલાલ પોલાભાઈ સાવલિયા નું ગ્રાહક નંબર ૩૬૦૨૮/૦૦૭૯૧/૯ નંબર થી ૦૫ હો.પા. નું ખેતીવાડી વીજ કનેક્શન ચાલુ છે.

3.6 આથી શ્રી પરશોતમભાઈ ખીમાભાઇ સાવલિયા ને પત્ર નંબર પત્ર નંબર બીએસડી/ટેક /આરઇ/રિફંડ/૨૯૦૨/તા. ૧૬.૧૦.૨૦૧૨ થી નોટિસ આપવામાં આવેલ હતી કે એકજ સર્વે નંબર માં બીજું વીજ કનેક્શન આપી ના શકાય અને અરજદાર શ્રી દ્વારા તેમના ભરપાઈ કરવામાં આવેલા નાણાં રિફંડ લેવા માટેની જરૂરી અરજી કરવા માટે જણાવવામાં આવેલ હતું. આવીજ રીતે પત્ર નંબર બીએસડી/ટેક /આરઇ/રિફંડ/૩૬૨૨/તા. ૨૯.૧૨.૨૦૧૨ ના રોજ બીજી નોટિસ શ્રી પરશોતમભાઈ ખીમજીભાઈ સાવલિયા ને એકજ સર્વે નંબર માં બીજું વીજ કનેક્શન આપી ના શકાય અને અરજદાર શ્રી દ્વારા તેમના ભરપાઈ કરવામાં આવેલા નાણાં રિફંડ લેવા માટેની જરૂરી અરજી કરવા માટે જણાવવામાં આવેલ હતું પરંતુ અરજદાર શ્રી દ્વારા આ નાણાં રિફંડ કરવા માટેની કોઈ પણ અરજી બિલખા પેટા વિભાગ કચેરી એ કરવામાં આવેલ ન હતી.

3.7 આમ શ્રી પરશોતમભાઈ ખીમજીભાઈ સાવલિયા ની ખેતીવાડી જમીન સર્વે નંબર ૨૦ પૈકી માં માં એક અન્ય ખેતીવાડી વીજ કનેક્શન આવેલ હોય તેમણે આજ સર્વે નંબર માં અન્ય વીજ કનેક્શન પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાનુસાર આપી ન શકાય જેથી તેઓને જે તે સમયે વીજ કનેક્શન આપવામાં આવેલ નથી.

## :: હુકમ ::

**૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.**

૪.૧ પેરા નં ૨.૦ **અને** પેરા નં ૩.૧ થી ૩.૭ અન્વયે સદર કેઈસ મા, પીજીવીસીએલ દ્વારા રજૂ **કરાયેલ** રકર્ડ ના અભ્યાસ કરતા જણાયેલ છે કે – અરજદાર શ્રી **પરસોત્તમભાઈ ખીમાભાઈ** સાવલિયા દ્વારા સર્વે નંબર: ૨૦ માં ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે ભાવપત્રક ની રકમ રૂ.૫,૯૩૫/- તા.૦૧–૦૮–૧૨ ના રોજ ભરપાઈ **કરાયેલ** છે. સદર કેઈસ મા, સ્થળ ઉપર લાઈન ઉભી કરવાની કાર્યવાહી દરમ્યાન જણાયેલ છે કે – જામકા ગામના સર્વે નંબર: ૨૦ માં વૃજલાલ પોલાભાઈ સાવલીયાના નામનુ અન્ય વીજજોડાણ ગ્રાહક નં. –૩૬૦૨૮/૦૦૭૯૧/૯ –૦૫ હોપા થી ચાલુ છે. પીજીવીસીએલ ના જે તે સમયના નિયમ મુજબ – એક જ સર્વે નંબર માં બીજુ જોડાણ આપી શકાય નહી. આ સંજોગોમા અરજદાર દ્વારા ભાવપત્રક ની રકમ ભરપાઈ **કરાયેલ** હોવા છતા પીજીવીસીએલ દ્વારા સદર જોડાણ ને રદબાતલ **કરાયેલ છે**. અને ગ્રાહક ને રીફંડ મેળવવા માટે બીએસડી/ટેક /આરઇ/રિફંડ/૨૯૦૨/તા. ૧૬.૧૦.૨૦૧૨ અને પત્ર બીએસડી/ટેક /આરઇ/રિફંડ/૩૬૨૨/તા. ૨૯.૧૨.૨૦૧૨ થી જાણકારી **અપાયેલ** છે. પરંતુ, અરજદાર દ્વારા રીફંડ મેળવવા માટે ની કોઈ કાર્યવાહી **કરાયેલ** નથી.

૪.૨ વિશેષમાં સદર સર્વે માં આવેલ ખેતીવાડી જમીન ૧૧–૨૨–૦૦ હેકટર– આરએ–ચોમી છે. પ્રવર્તમાન પીજીવીસીએલ ના નિયમાધીન મુજબ ની જમીન આશરે ૨૮ એકર હોવાથી, સદર ખેતીની જમીનમાં પીજીવીસીએલ નુ અન્ય જોડાણ ( ખેતીની જમીન – ૭ એકર થી વધુ હોવાથી ) સદર જમીન સર્વે નંબરમાં ૪૪ ભાગીદારો સંયુકત રીતે છે. અરજદાર દ્વારા અન્ય ભાગીદારોની સંમતી મેળવીને નવેસર થી અરજી કરાયતો પીજીવીસીએલ દ્વારા પ્રવર્તમાન નિયમાધીન અગ્રતાક્રમ મુજબ જોડાણ આપવાની કાર્યવાહી અંગે પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૫ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે. જી. પારેખ) | (એન. ડી. ધામેલીયા) |
| **સ્વતંત્ર સભ્ય** | **ચેરપર્સન** | **સભ્ય (ટેક)** |
| **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** |

નોંધ:

(૧) **અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

(૨) **ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯)૨૬૩૦૨૬૮૯